# મોડાસા નગરપાલિકા તંત્ર અને લારી ગલ્લાવાળા ગરીબો આમને-સામને

## લાલવાવટા સાથે લારી-ગલ્લાવાળાઓએ રેલી કાઢી કલેક્ટરને જગ્યા ફાળવવા આવેદનપત્ર આપ્યુ

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય થતા સતત ૫ મી ટર્મ ભાજપાએ સત્તા મેળવી હતી. પાલિકાના પ્રમુખ પદે શિક્ષિત મહિલા વનીતાબેન પટેલે સત્તા સંભાળતાની સાથે જ મોડાસા શહેરના સર્વાંગિ વિકાસ કાર્યો હાથ ધર્યા હતા. મોડાસા શહેરની વર્ષો જુનિ ટ્રાફિકની સમસ્યા મહિલા પ્રમુખે દૂર કરતા પ્રજાજનોમાં આનંદ છવાયો છે. બીજી બાજુ ટ્રાફિકની સમસ્યામાં નડતરરૂપ શહેરના જાહેરમાર્ગો પર લારી-ગલ્લા મારફતે રોજી રોટી મેળવતા ગરીબોની સમસ્યા પેદા થઈ હતી. લારી-ગલ્લાવાળાઓને હટાવતા તેમના અને પરિવાર પર જીવનનિર્વાહ ચલાવવાના ફાંફા પડી ગયા છે. મોડાસામાં ૬૦૦ થી વધુ લારી-ગલ્લાવાળા અને પાથરણાવાળા રોજી રોટી મેળવે છે તેની સામે નગરપાલિકા તંત્ર દ્વારા હંગામી ધોરણે સહકારી જીનમાં ૧૨૦ જેટલા લારીવાળાઓ માટે જગ્યા ફળવાતા અંદાજે ૫૦૦થી વધુ લારી-ગલ્લાવાળા યોગ્ય વ્યવસાયના અભાવે રસ્તા પર આવી જતા છેલ્લા સપ્તાહથી મોડાસા શહેરમાં ભારે હોબાળો મચી ગયો છે. મંગળવારે લારી-ગલ્લાવાળાઓએ લાલ વાવટાવાળાના નેજા હેઠળ મોડાસા ચાર રસ્તા ટાઉનહોલ પર ભારે સૂત્રોચ્ચાર કરી બસસ્ટેન્ડથી રેલી સ્વરૂપે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ હતુ.



મોડાસા શહેરમાં ટ્રાફિક સમસ્યા વાહનચાલકો અને પ્રજાજનો માટે માથાના દુઃખાવા સમાન બની હતી. ત્યારે મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા મોડાસા બસ સ્ટેન્ડ વિસ્તાર, કોલેજરોડ, ડિપ વિસ્તાર, નવજીવન ચોક, ચાર રસ્તા, મેઘરજ રોડ અને માલપુર રોડ પર ગેરકાયદેસર કબ્જો જમાવી ઉભા રહેતા શાકભાજી-ફ્રુટની, પાણીપુરીની લારીઓવાળા તેમજ ગેરકાયદેસર જાહેરમાર્ગો પર દબાણ કરી કેબીન ધારકો સામે તવાઈ બોલાવતા દંડનીય કાર્યવાહિ કરી હતી અને શાકભાજીના લારીઓવાળાઓ માટે હંગામી ધોરણે સહકારી જીનમાં જગ્યા ફાળવવામાં આવી હતી પરંતુ શહેરના મુખ્ય માર્ગો પર ૬૦૦ થી વધુ લારી-ગલ્લાવાળા, શાકભાજી, ફ્રુટ, પાણીપુરી વેચી જીવન નિર્વાહ ચલાવી રહ્યા છે. જેની સામે ૧૨૦ થી વધુ લારીવાળાઓને હંગામી ધોરણે જગ્યા ફાળવી અન્ય ૫૦૦ જેટલા લારી ગલ્લાવાળાઓને જગ્યા ન ફળવાતા ભગવાન ભરોસે છોડી દેતા લારી-ગલ્લાવાળાઓએ નગરના પ્રમુખની આપખુદી શાહીના કારણે રોજીરોટી ખોવાનો વારો આવ્યો હોવાથી આજે રેલી સ્વરૂપે કાયમી ધોરણે શાકભાજી-ફ્રુટની લારીઓવાળાઓ માટે જગ્યા ફાળવવા અને જ્યાં સુધી યોગ્ય વ્યવસ્થા ન થાય ત્યાં સુધી ચાર રસ્તાથી કોલેજ રોડ પર લારીઓ ઉભી રાખવા દેવાની માંગ સાથે મંગળવારે અરવલ્લી જિલ્લા કલેક્ટરને ૫૦૦થી વધુ લારીગલ્લાવાળાઓએ અને સી.આઈ.ટી.યુ. લાલવાવટા જનરલ વર્કસ યુનિયન મોડાસા દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. લારી-ગલ્લાવાળાઓ ભાજપ તેરી આપખુદ શાહી નહી ચલેગી, ગરીબ વિરોધી એ સરકાર, ભાજપ હાય-હાય, નગરપાલિકા પ્રમુખ સરમુખત્યાર શાહી બંધ કરો બંધ કરોના નારાઓ સાથે સૂત્રોચ્ચાર પોકારતા વાતાવરણમાં ગરમાવો આવી ગયો હતો.




# તલોદ તાલુકાની સમસ્યાઓ અંગે ધારાસભ્યની ધારદાર રજૂઆત

તલોદ, તા. ૧૫

ગુજરાત વિધાનસભાના વર્તમાન સત્રમાં અંદાજપત્ર ઉપરની ચર્ચામાં ભાગ લેતા પ્રાંતિજ-તલોદ તાલુકા ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાઓ સિંચાઈ, ગરીબ દર્દીઓને મળતી દાક્તરી સારવાર અને શિક્ષિત બેરોજગારોને નોકરી આપવા સંદર્ભે ભારે ધારદાર રજૂઆતો કરી હતી. ધારાસભ્ય બારૈયાએ વર્તમાન ભારત સરકાર માત્ર 'માર્કેટીંગ' કરીને આમ પ્રજાને સતત અન્યાય કરતી હોવા સંદર્ભનો દાવો કર્યો હતો. તલોદ તાલુકામાંથી પસાર થતી 'માધવગઢ સુધીની પાઈપ લાઈનને કાંજણ ડેમ સુધી લંબાવવાની' યોજનાને રાજ્ય સરકારે બજેટમાં સમાવેશ નહિ કરતાં તે અંગે બારૈયાએ ગૃહમાં ભારે આક્રોશની લાગણી વ્યક્ત કરી હતી અને બજેટ તૈયાર કરતી વખતે સમાજના વિવિધ વર્ગોના પ્રતિનિધિઓ તથા ધારાસભ્યોના સૂચનો મંગાવવામાં આવે છે, પરંતુ તે સૂચનોનો નાણામંત્રીએ કોઈ જ અમલ નહિ કરીને સૂચવેલ કામો પૈકી એક પણ કામનો સમાવેશ બજેટમાં નહિ કરેલ હોવાની રજૂઆત કરીને દુઃખની લાગણી વ્યક્ત કરી હતી.

૨૦૧૪ની ચૂંટણીમાં તલોદ તાલુકા વિસ્તારમાંથી મહત્તમ મતદારોએ ભાજપને મત આપ્યા હોવા છતાં માધવગઢથી કાંજણડેમ સુધીની પાઈપલાઈન મંજૂર નહિ કરીને પંથકના હજારો ખેડૂત પરિવારોને સરકાર અન્યાય કરતી હોવાના સંદર્ભનો મત પણ બારૈયાએ વ્યક્ત કર્યો હતો.

શિક્ષિત બેરોજગાર સંદર્ભે તેઓએ કહ્યું હતું કે બજેટમાં ૬૬ હજાર બેરોજગારોને નોકરી અપાવવાની કરેલ વાત 'લોલીપોપ' સમાન ભાસી રહી છે. કારણ કે લાખોની સંખ્યામાં શિક્ષિત બેરોજગારો છે. શિક્ષિત બેરોજગારોને રોજગારીની તકો માટે એક નવી યોજના અમલી બનાવવી જોઈએ અને તે થકી યુવાધનને ન્યાય આપવો જોઈએ તેવી પણ રજૂઆત કરી હતી.



## જાંબુ ઉનાળાની શરૂઆતે દેખાતા પ્રજાજનોમાં અચરજ

આજના આધુનિક જમાનામાં માનવી હરણફાળ પ્રગતિ કરી રહ્યો છે. સમગ્ર દુનિયાના દેશો એકબીજાને પછાડવા અને દુનિયામાં પોતાનું સ્થાન અગ્રેસર બનાવવા પરમાણુ પરીક્ષણ અને કેમીકલ તેમજ ક્લોન પદ્ધતીથી પ્રાણીઓને જન્મ આપવાની ઘટના હોય. આદેધડ વૃક્ષોનું નિકંદન કાઢી નાખતા વિશ્વના સ્વચ્છ વાતાવરણ પર આની વિપરીત અસર થઈ રહી છે. ગ્લોબલ વોર્મિંગની અસર માનવી, પ્રાણીઓ, પક્ષીઓ અને વૃક્ષો પર જોવા મળી રહી છે. ચોમાસાની ઋતુમાં જોવા મળતા જાંબુના ફળ મોડાસા તાલુકાની સબલપુર પ્રાથમિક શાળાના પટાંગણમાં આવેલા જાંબુના વૃક્ષ પર ઉનાળાની શરૂઆતમાં વૃક્ષ પર જાંબુના જુમખા લચી પડતા શાળાના બાળકો, શિક્ષણગણ અને ગ્રામજનો અચંબિત થઈ ગયા હતા. કુદરતનો કરિશ્મા અને કુદરતી હોનારત આ બંને પર માત્ર કુદરતનો અધિકાર છે. જાંબુના જુમખા નિહાળીને હે કુદરત તારી લીલા અપરંપાર છે તેવું કહેવાનું સહજ મન થાય.

# ઊંઝામાં સરકારી તંત્ર તરફથી ગ્રાહકોના અધિકાર પરત્વે કોઈ જ પગલા લેવાતા નથી

ઊંઝા, તા. ૧૫

રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતોના વિભાગ દ્વારા દર વર્ષે જાગો ગ્રાહક જાગો અંતર્ગત ગ્રાહક જાગૃતિ અભિયાન તળે વિશ્વ ગ્રાહક દિન ઉજવાય છે. પરંતુ ઊંઝા તાલુકામાં છેલ્લા ઘણા વર્ષોથી સંબંધિત સરકારી તંત્ર તરફથી ગ્રાહકોના અધિકાર પરત્વે કોઈ જ પગલાં ભરાતા નથી. પરિણામે ગ્રાહકોના અધિકારો જેવા કે, સલામતીનો, માહિતી મેળવવાનો, પસંદગીનો, ફરિયાદ કરવાનો, વળતર મેળવવાનો, શિક્ષણ મેળવવાનો વિગેરેમાં દુર્લક્ષ્ય સેવાય છે. અને મોટા ભાગે આવા અધિકારો માત્ર કાગળ પર જ રહેતા હોય તેમ જણાય છે.

ઊંઝા તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં મોટાભાગે લોકોને જરૂરી ચીજવસ્તુઓની ખરીદીના પાકા બિલો મળતા નથી. કેટલીક ચીજવસ્તુઓના વજન માપ અને ગુણવત્તામાં ગરબડ ગોટાળા હોય છે. વજન અને માપમાં ગ્રાહકો સાથે છેતરપીંડી થતી હોય છે.

આમ અધિકારો અંગે ગ્રાહક ગમે તેટલો જાગૃત કે સજાગ બને તો પણ કેટલાક વેપારીઓ નાણાં કમાવવાના ઉદ્દેશ્યથી ભેળસેળયુક્ત ખાદ્યચીજોનું વેચાણ કરી ગ્રાહકોને પાકા બિલો નહીં આપીને વેટની કરચોરી સાથે મનમાની કરતા હોવાની લોક ફરિયાદો ઉઠી છે. આમ તાલુકામાં ગ્રાહકોના અધિકારોનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે તેમ છતાં સરકારીતંત્ર મૌની બાબા બની બેઠેલ છે.

# પાલનપુર હાઈવે પર ધમધમતા કુટણખાના પર એલસીબીનો દરોડો : યુગલ સહિત પાંચની ધરપકડ

પાલનપુર, તા. ૧૫

પાલનપુરના હાઈવે વિસ્તારમાં ભાડાના મકાનમાં ચાલતા કુટણખાનાને બનાસકાંઠા એલસીબી દેહવિક્રયનો ધંધો કરાવતા હોઈ જિલ્લા પોલીસવડાની સુચનાથી પાલનપુર એલસીબીના પી.એસ.આઈ. જે. ડીમેવાડા, પટેલ ઝડપી પાડવામાં આવ્યા છે.

જો કે પાલનપુરમાં મકાન ભાડે રાખીને કુટણખાનુ ચલાવતો ડીસાનો મનોજ ઠક્કર તા. ૪-૩-૨૦૧૬ના



પોલીસની ટીમે ઝડપી પાડ્યું છે. પોલીસના દરોડામાં દેહવીક્રયનો ધંધો ચલાવતા ડીસાના યુગલ સાથે પાંચ વ્યક્તિને ઝડપી પાડવામાં આવ્યા છે.

પાલનપુરના આદેસણ રોડ ઉપર આવેલ અક્ષતમ્ સોસાયટી ભાગ-૧ના એ-૮ વાળુ મકાન ભાડે રાખીને ડીસાની આસોપાલવ સોસાયટીમાં રહેતો મનોજ પુનમચંદ ઠક્કર તેની પત્નિ શબાના મોહતાલેપ હસીમ મુસલમાન સાથે મળીને બહારથી રૂપલલનાઓ લાવી અને તેમની ટીમે અક્ષમત ભાગ-૧ના એ-૮ મકાનમાં ઓચીંતો દરોડો પાડતા આ મકાનમાં દેહવીક્રયનો ધંધો ઝડપાયો હતો. જેમાં પોલીસે બહારથી યુવતીઓ લાવનાર બાંગ્લાદેશના જબીન એહમદ મુસલમાન ગ્રાહક નીવેશકુમાર જગદીશભાઈ ઠક્કર રહે. કૈલાશનગર ડીસા અને બનારસના મદનલાલ બચ્ચાલાલ યાદવને દેવવીક્રયનો ધંધો ચલાવતા મનોજ ઠક્કર અને તેની પત્ની શબનાને રોજ ડીસાના પ્રીતમનગરમાં ઝડપાયેલ કુટણખાનામાં છોકરીઓ સપ્લાય કરતો હોવાનું બહાર આવતા તે પોલીસથી બચવા ભાગી છુટ્યો હતો અને પાલનપુર કુટણખાનુ ચલાવતા તેને ઝડપી પાડવામાં આવ્યો છે.

આમ બહારથી રૂપલલનાઓ લાવીને પાલનપુરમાં લોહીનો વેપલો કરતા ડીસાના યુગલને પોલીસે ઝડપી પાડતા હાઈવેની સોસાયટીમાં ચાલતા કુટણખાનાનો પર્દાફાશ થવા પામ્યો છે.

# દિયોદરની શ્રીનાથ સોસાયટીના બંધ મકાનના તાળા તોડી ૬૭ હજારની ચોરી

દિયોદર, તા. ૧૫

દિયોદર પંથકમાં જાણે ચોર ટોળકીને પોલીસનો કોઈ પણ ડર ન હોય તેમ રાત્રીના સમયે શહેરમાં પ્રવેશ કરી બિન્દાસપણે ચોરી કરી રહી છે. એક પછી એક ઘરો ચોર ટોળકીના નિશાન બની રહ્યા છે. ત્યારે વધુ એક ચોરીની ઘટના બનતા રાત્રીના સમયે પોલીસ પેટ્રોલીંગના દાવા પોકળ સાબિત થયા છે.

દિયોદર શ્રીનાથજી સોસાયટીમાં રહેતા ઠક્કર રતીલાલ દેવરામભાઈ જે કચ્છમાં ખેતરપાળ દાદાની બાધા હોવાથી સમુહ કુટુંબ સાથે દર્શન અર્થે ગયા હતા. ત્યારે કોઈ ન હોવાનો લાભ લઈ અજાણ્યા શખ્સોએ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી ૬૭,૫૦૦ની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. ઘર માલીક ઘરે પરત આવ્યા પછી ઘરમાં માલ-સામાન વેર વિખેર દેખાતા ચોરી થઈ હોવાનું જણાતા દિયોદર પોલીસને જાણ કરી હતી. જેમાં પોલીસે ઘર માલીકની ફરિયાદ લઈ તપાસ શરૂ કરી છે. દિયોદર શહેરમાં દિન-પ્રતિદિન ચોરીઓ થઈ રહી છે.


## અરવલ્લીમાં આરોગ્ય અધિકારીની જાણ બહાર ખાનગી કંપનીના કર્મચારીએ

# સરકારી યોજનાના આરોગ્ય કાર્ડ ઈશ્યુ કરતા પોલીસ ફરિયાદ

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક અને જિલ્લામાં રાજ્ય સરકારની વિવિધ આરોગ્યલક્ષી સેવા મા વાત્સલ્ય કાર્ડ અને મા અમૃતમ કાર્ડ જેવી યોજનાઓ જિલ્લાના જરૂરીયાતમંદ અને ગરીબ દર્દીઓ માટે દેવદૂત સમાન બની રહી છે. વિવિધ આરોગ્યલક્ષી કાર્ડ ઈશ્યુ કરવાનો ગુજરાત આરોગ્ય વિભાગ દ્વારા એમકોડ નામની ખાનગી કંપનીને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. મોડાસા શહેરમાં એમકોડ કંપનીમાં ફરજ બજાવતા એક કર્મચારીએ જિલ્લા આરોગ્ય અધિકારીની જાણ બહાર ૨૦૦૦ જેટલા કાર્ડ ઈશ્યુ કરી સરકારી તીજોરીને ચુનો લગાવ્યો છે. ૩૬ જેટલા કુટુંબોએ ગેરકાયદેસર ઈશ્યુ થયેલા કાર્ડનો દૂર ઉપયોગ કરી દસ લાખ રૂપિયાની તબીબી સારવાર કરાવી હોવાનું કૌભાંડ બહાર આવતા જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અમરનાથ વર્માના ધ્યાને આવતા આ શખ્સ સામે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા મોડાસા ટાઉન પોલીસે આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

અરવલ્લી જિલ્લા આરોગ્ય અધિકારીના જાણ બહાર ગેરકાયદેસર વિવિધ સરકારી સારવારના કાર્ડ ૨૦૦ જેટલા એમકોડ કંપનીના કર્મચારીએ આચરતા જિલ્લા આરોગ્ય વિભાગમાં હડકંપ મચ્યો છે. એમકોડ કંપનીના કર્મચારી કિરીટ બાબુભાઈ અમીન (રહે. જીલ્લા કલેક્ટર કચેરી પાછળ સરકારી વસાહતમાં, મોડાસા) નામનો શખ્સ જિલ્લાના જરૂરીયાતમંદ અને ગરીબરેખા સરકારના નિયમ મુજબ આવતા પરિવારોને 'મા અમૃતમ', મા વાત્સલ્ય જેવી યોજનાનો વિનામુલ્ય લાભ મળે તે માટે કાર્ડ કાઢવાની કામગીરી કરતો હતો ત્યારે



આ શખ્સે આરોગ્ય કૌભાંડ આચરતા આરોગ્ય અધિકારીની જાણ બહાર ફેબ્રુઆરી ૨૦૧૫થી આજદિન સુધી આરોગ્ય ખાતાના અધિકૃત અધિકારીની ફિંગરપ્રીન્ટ સોફ્ટવેરથી અથવા અન્ય કોઈપણ રીતે તેમાં ચેડા કરી તેમજ એડમીનીસ્ટ્રેટીવ ઓફીસરના લોગીન સાઈડથી લોગ ઈન કરી લગત દસ્તાવેજો વિના ખોટા દસ્તાવેજો અપલોડ કરી ખરા તરીકે ઉપયોગ કરી સરકારની યોજનાનો લાભ મેળવવા લાયકાત હોય તેવા કુટુંબોના ૨૦૦૦ જેટલા કાર્ડ પોતાની જાતે કોઈપણ કરામત કરી બનાવી લીધા હતા અને ગેરકાયદેસર કાર્ડ બનાવવા આ શખ્સે લોકો પાસેથી રૂપિયા પણ ખંખેરી લીધા હોય તેમ ઈશ્યુ કરી લીધા હતા. તેમજ ૨૦૦૦ કાર્ડપૈકી ૩૬ કુટુંબોએ આ યોજનાનો વિવિધ હોસ્પિટલોમાં લાભ લઈ રૂ. ૧૦૦૦૦૦૦ (દસ લાખ)ની સારવાર પણ કરાવી લેતા સરકાર સાથે છેતરપીંડી, વિશ્વાસઘાત કરી સરકારી નાણાનો દૂર ઉપયોગ થયાનું જિલ્લા અધિકારીને ધ્યાને આવતા કર્મચારી વિરૂદ્ધ મોડાસા ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાવતા મોડાસા ટાઉન પોલીસે ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૬૬, ૪૭૨ મુજબ ગુન્હો નોંધી આરોગ્ય કૌભાંડી શખ્સને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### અરવલ્લી જિલ્લામાં બે હજારથી વધુ ગેરકાયદેસર કાર્ડ ઈસ્યુ કરાતા હોબાળો

ગુજરાત રાજ્ય સરકારી વિવિધ સારવાર લક્ષી મફત યોજનાના કાર્ડ ઈસ્યુ કરતી એમકોડ કંપની દ્વારા આ શખ્સે ગેરકાયદેસર રીતે મા અમૃતમ, મા વાત્સલ્ય કાર્ડ ૨૦૦૦ જેટલા ઈશ્યુ કરી, ૩૬ કુટુંબ દ્વારા ૧૦ લાખની મફત તીબીબી સારવાર પણ કરાવી લીધાનું કંપનીના ધ્યાને આવતા કંપનીના અધિકારીઓ વિવિધ દસ્તાવેજો સાથે ધ્યાન દોરતા મને આ કૌભાંડ અંગે જાણ કરતા તાત્કાલિક કંપનીના કર્મચારી વિરૂદ્ધ મોડાસા ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.



# જાણીતા સિરીયલ કલાકાર ઘનશ્યામભાઈ નાયકે (નટુકાકા) અંબાજીની મુલાકાતે

તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સિરીયલના જાણીતા કલાકાર ઘનશ્યામભાઈ નાયક ઉર્ફે નટુકાકા આજે સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે આવી પહોંચતા લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. એક સામાજીક પ્રસંગે આવેલા ઘનશ્યામ નાયક ઉર્ફે નટુકાકા અંબાજી મંદિરના દર્શનાર્થે પહોંચ્યા હતા. જ્યાં મંદિરમાં લાઈનમાં રહી માતાજીના દર્શન કરી ધન્યતાં અનુભવી હતી ને સૌ પ્રથમ વખત તેમના પુત્ર વિકાસ પણ સાથે જોડાયો હતો. નટુકાકા અંબાજી પહોંચતા તારકમહેતા કા ઉલ્ટા ચશ્માના એક હજારમાં એપીસોડનો અંબાજીમાં સુટ કર્યુ હતુ તે બાબતને વાગોળતા જણાવ્યું હતું કે દેશભરમાં પ્રચલીત બનેલી તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સીરીયલ આગામી જુલાઈ માસમાં ૨૦૦૦ એપીસોડ પૂર્ણ કરનાર છે ને ૧૦૦૦મું એપીસોડ અંબાજી ખાતે કરાયું હતું. તેમ ૨૦૦૦મું એપીસોડ પણ અંબાજી ખાતે કરાશે તેવી બાબત જણાવી હતી. આ પ્રસંગે તેમના પ્રસશંકોએ પણ તેમને ઘેર્યા હતા.